Witness Service.

# સાક્ષી માહિતી પેક

## અદાલતમાં સાક્ષી બનવા માટે તમારી માર્ગદર્શિકા

આ માહિતી પેક એવા સાક્ષીઓ માટે છે જેઓ ઇંગ્લેન્ડ અને વેલ્સમાં ફોજદારી અદાલતના કેસમાં જુબાની આપવાના છે.

તે ફરિયાદી પક્ષ અને બચાવ પક્ષ બંનેના સાક્ષીઓ માટે છે જેઓ ક્રાઉન કોર્ટ અથવા મેજિસ્ટ્રેટ કોર્ટમાં હાજર રહેવાના છે.

**witnessservice.org.uk**



# વિષયવસ્તુ


સાક્ષી સેવા શું છે?...3
સાક્ષીની ભૂમિકા...4
ફરિયાદી અને બચાવ પક્ષના સાક્ષીઓ વચ્ચેનો તફાવત...4
સાક્ષી તરીકે તમારા અધિકારો...4
કોર્ટ માટે તૈયારી કરવી...5
તમારી સાથે શું લઈ જવું...5
કોર્ટ સુધી પહોંચવું...6
ધ્યાનમાં લેવા જેવી અન્ય બાબતો...6
વિશેષ પગલાં...7
કોર્ટમાં...10
કોર્ટમાં પહોંચવું...10
સાક્ષી સેવા સપોર્ટ...10
રાહ જોવાની જગ્યાઓ...10
CPS ફરિયાદી પક્ષના વકીલ અથવા બચાવ પક્ષના પ્રતિનિધિને મળવું...11
વિલંબ...11
જુબાની આપવી...12
તમે જુબાની આપ્યા પછી...14
ચુકાદાઓ અને સજા...14
પુનઃસ્થાપન ન્યાય...15
પીડિત સંપર્ક યોજના...15
ખર્ચનો દાવો કરવો...15
કોર્ટ પછી સપોર્ટ...16

# સાક્ષી સેવા શું છે?

સાક્ષી સેવા લોકોને કોર્ટમાં જુબાની આપતી વખતે માહિતગાર, સહાયભૂત અને વધુ આત્મવિશ્વાસ અનુભવવામાં મદદ કરે છે.

અમે ઇંગ્લેન્ડ અને વેલ્સની દરેક ફોજદારી અદાલતમાં ફરિયાદી અને બચાવ પક્ષના સાક્ષીઓ બંને માટે મફત, સ્વતંત્ર સહાય પૂરી પાડીએ છીએ. અમે સ્વજન ગુમાવનાર પરિવારના સભ્યો અને મિત્રો, તેમજ કોર્ટમાં હાજર રહેલા સાક્ષીઓના પરિવારના સભ્યોને પણ મદદ કરીએ છીએ.

સાક્ષી સેવા વ્યાવસાયિક અથવા નિષ્ણાત સાક્ષીઓને ટેકો આપતી નથી.

અમે સાક્ષીઓને ટ્રાયલ (સુનાવણી) પહેલાં, દરમિયાન અને પછી શું અપેક્ષા રાખવી તે સમજવામાં મદદ કરીએ છીએ અને દરેક પગલે સહાય આપીએ છીએ. અમારા પ્રશિક્ષિત સ્ટાફ અને સ્વયંસેવકો અહીં સાંભળવા, પ્રશ્નોના જવાબ આપવા અને કોર્ટની પ્રક્રિયા ઓછી મુશ્કેલ લાગે તે માટે મદદ કરવા તૈયાર છે, જેથી સાક્ષીઓ તેમની શ્રેષ્ઠ જુબાની આપી શકે.

વધુ માહિતી માટે, કૃપા કરીને સાક્ષી સેવા વેબસાઇટની મુલાકાત લો: **witnessservice.org.uk**

સાક્ષી સેવાની વેબસાઇટ જોવા માટે આ QR કોડ સ્કેન કરો

# સાક્ષીની ભૂમિકા

સાક્ષી એ એવી વ્યક્તિ છે જેણે કોર્ટમાં વિચારણા હેઠળની ઘટના વિશે કંઈક મહત્વનું જોયું હોય, સાંભળ્યું હોય અથવા જાણતી હોય. તમારી માહિતી, જેને તમારી જુબાની કહેવામાં આવે છે, તે કોર્ટને શું બન્યું હતું તે સમજવામાં અને સત્ય સ્થાપિત કરવામાં મદદ કરી શકે છે.

એક સાક્ષી તરીકે, તમારું કામ કોર્ટને તે કહેવાનું છે જે તમે જાણો છો. તમે શું જોયું કે સાંભળ્યું અથવા તમારી સાથે શું બન્યું તે વિશે તમને પ્રશ્નો પૂછવામાં આવશે.

તમે બધું જ જાણતા હો અથવા દરેક વિગત યાદ રાખો તેવી અપેક્ષા રાખવામાં આવતી નથી, ફક્ત તમે જે જાણો છો તે તમારા પોતાના શબ્દોમાં પ્રામાણિકપણે જણાવવાનું હોય છે.

## ફરિયાદી અને બચાવ પક્ષના સાક્ષીઓ વચ્ચેનો તફાવત

જ્યારે તમે સાક્ષી તરીકે કોર્ટમાં જાઓ છો, ત્યારે તમને કાં તો **ફરિયાદી પક્ષ** અથવા **બચાવ પક્ષ** દ્વારા જુબાની આપવા માટે બોલાવવામાં આવશે.

- **ફરિયાદી પક્ષ દ્વારા બોલાવવામાં આવેલા સાક્ષી** ગુનાના આરોપી વ્યક્તિ – એટલે કે બચાવ પક્ષ વિરુદ્ધના કેસને સમર્થન આપવા માટે જુબાની આપે છે. ક્રાઉન પ્રોસીક્યુશન સર્વિસ (CPS) સામાન્ય રીતે ફરિયાદી પક્ષનું નેતૃત્વ કરે છે અને તેમનું કામ એવી જુબાની રજૂ કરવાનું છે જે દર્શાવે છે કે તેમના મતે શું બન્યું હતું. તેમનો ઉદ્દેશ્ય બચાવ પક્ષ ગુનેગાર છે તેમ સાબિત કરવાનો હોય છે.
- **બચાવ પક્ષ દ્વારા બોલાવવામાં આવેલા સાક્ષી** બચાવ પક્ષના સમર્થનમાં જુબાની આપે છે. બચાવ પક્ષની ટીમ કોર્ટમાં બચાવ પક્ષનું પ્રતિનિધિત્વ કરે છે અને તેમને ન્યાયી સુનાવણી મળે તેની ખાતરી કરવા માટે ફરિયાદી પક્ષના કેસનો જવાબ આપે છે.

જો તમે ફરિયાદી પક્ષના સાક્ષી હો, તો ફરિયાદી પક્ષના વકીલ તમને પહેલા પ્રશ્નો પૂછશે. ત્યારબાદ, બચાવ પક્ષના વકીલ તમારી પૂછપરછ કરશે – આને **ઉલટ તપાસ** કહેવામાં આવે છે.

જો તમે બચાવ પક્ષના સાક્ષી હો, તો પહેલા બચાવ પક્ષના વકીલ દ્વારા તમારી પૂછપરછ કરવામાં આવશે અને પછી ફરિયાદી પક્ષના વકીલ દ્વારા તમારી ઉલટ તપાસ કરવામાં આવશે.

તમારી સાથે વાત કરનાર પ્રથમ વકીલ દ્વારા પૂછવામાં આવતા કોઈપણ ફોલો-અપ પ્રશ્નોને **ફરી તપાસ** કહેવામાં આવે છે.

## પીડિત *અને* સાક્ષી બનવું

જો તમે ગુનાનો ભોગ બન્યા હો અને કેસ કોર્ટમાં જાય, તો પણ તમને પીડિત તરીકે જ ગણવામાં આવશે – પરંતુ આ તબક્કે તમે સાક્ષી પણ બનો છો. જો તમે ગુનાનો ભોગ બન્યા હો, તો તમને ફરિયાદી પક્ષ દ્વારા સાક્ષી તરીકે બોલાવવામાં આવી શકે છે.

## સાક્ષી તરીકે તમારા અધિકારો

**સાક્ષી ચાર્ટર** ઇંગ્લેન્ડ અને વેલ્સમાં ફોજદારી અદાલતના કેસમાં સાક્ષી તરીકે તમે જે સંભાળના ધોરણોની અપેક્ષા રાખી શકો છો તે નિર્ધારિત કરે છે. તે ફરિયાદી પક્ષ અને બચાવ પક્ષ બંનેના સાક્ષીઓને લાગુ પડે છે, જેમાં ચારિત્ર્યના સાક્ષીઓનો પણ સમાવેશ થાય છે.

જો તમે ગુનાનો ભોગ બન્યા હો, તો તમારી પાસે **પીડિત માટેની આચારસંહિતા** માં નિર્ધારિત કર્યા મુજબના અધિકારો પણ છે.

તમે સાક્ષી સેવાની વેબસાઇટ પર બંને વિશે વધુ જાણી શકો છો: **witnessservice.org.uk/your-rights**.

સાક્ષી સેવાની વેબસાઇટ પર તમારા અધિકારો વિશેનું પેજ જોવા માટે QR કોડ સ્કેન કરો

# કોર્ટ માટે તૈયારી કરવી

## સુનાવણી પહેલાંની મુલાકાત

કોર્ટમાં હાજર રહેવું ડરામણું લાગી શકે છે, ખાસ કરીને જો તમે પહેલાં ક્યારેય ત્યાં ગયા ન હો.

સાક્ષી સેવા સુનાવણી પહેલાં કોર્ટની મુલાકાત ગોઠવી શકે છે જેથી તમને વધુ સજ્જ અને આત્મવિશ્વાસ અનુભવવામાં મદદ મળે. અમે સુનાવણી પહેલાં વર્ચ્યુઅલ મુલાકાત પણ ગોઠવી શકીએ છીએ, ઉદાહરણ તરીકે વિડિયો કૉલ અથવા ટેલિફોન કૉલ દ્વારા.

સુનાવણી પહેલાંની મુલાકાત દરમિયાન અમે:

- તમને સાક્ષી સેવાના સહાયકો સાથે પરિચય કરાવી શકીએ છીએ
- તમને કોર્ટરૂમ બતાવી શકીએ છીએ અને ત્યાં કયા લોકો હાજર હશે અને તેઓ ક્યાં બેસશે તે સમજાવી શકીએ છીએ
- જ્યારે તમે તમારી જુબાની આપશો ત્યારે શું થશે તે સમજાવી શકીએ છીએ
- તમારા કોઈપણ પ્રશ્નોના જવાબ આપી શકીએ છીએ.

કોર્ટમાં જવા અંગે ગભરાટ અનુભવવો એ સામાન્ય છે, પરંતુ સુનાવણી પહેલાંની મુલાકાત તમને આશ્વાસન આપવામાં અને જુબાની આપવા અંગેની ચિંતા ઘટાડવામાં મદદ કરી શકે છે.

કૃપા કરીને નોંધ લેશો કે, જો તમે લંડનમાં રહો છો અથવા લંડનની કોર્ટમાં જુબાની આપવાના છો, તો સુનાવણી પહેલાંની સહાય સુનાવણી પહેલાંની સાક્ષી સહાય સેવા દ્વારા પૂરી પાડવામાં આવે છે, જે પીડિત સહાય દ્વારા ચલાવવામાં આવે છે. વધુ માહિતી માટે, કૃપા કરીને મુલાકાત લો: **londonvws.org.uk/get-support**.

સુનાવણી પહેલાંની મુલાકાત દરમિયાન શું થાય છે તે વિશે તમે સાક્ષી સેવાની વેબસાઇટ પર વધુ જાણી શકો છો: **witnessservice.org.uk/support/going-to-court-as-a-witness/pre-trial-visits**.

સુનાવણી પહેલાંની મુલાકાત વિશેનું પેજ જોવા માટે અને સાક્ષી સેવાની વેબસાઇટ પર મુલાકાત ગોઠવવા માટે QR કોડ સ્કેન કરો

કોર્ટમાં તમારો દિવસ શક્ય તેટલો સરળ રહે તે માટે અગાઉથી કેટલીક વ્યવહારુ બાબતો વિશે વિચારવું મદદરૂપ થઇ શકે છે.

## તમારી સાથે શું લઈ જવું

જોકે તમને કોર્ટમાં હાજર રહેવાનો સમય આપવામાં આવશે, પરંતુ તેમાં વિલંબ થઈ શકે છે. તમને તમારી જુબાની આપવા માટે કોર્ટરૂમમાં બોલાવવામાં આવે તે પહેલાં તમારે થોડો સમય રાહ જોવી પડે તેવી શક્યતા છે.

તમે નીચેની વસ્તુઓ લાવવાનું વિચારી શકો છો:

- જુબાની આપવા માટે કોર્ટમાં હાજર રહેવા માટે તમને મળેલો પત્ર
- જુબાની આપવાનો સમય ન આવે ત્યાં સુધી તમારું મન પરોવાયેલું રાખવા માટે પુસ્તક, ઈ-બુક રીડર, મેગેઝિન, ફોન અથવા ટેબ્લેટ
- નાસ્તો/પાણી અથવા જો ઉપલબ્ધ હોય તો કેન્ટીન કે વેન્ડિંગ મશીનમાંથી નાસ્તો/પાણી ખરીદવા માટે પૈસા (આ સુવિધા દરેક કોર્ટમાં ઉપલબ્ધ હોતી નથી)
- તમારે જરૂરી હોય તેવી કોઈપણ દવાઓ, જેના પર તમારું નામ અને દવા આપ્યાની તારીખ દર્શાવતું ફાર્મસીનું લેબલ હોય
- તમારા સમર્થન માટે કોઈ મિત્ર અથવા પરિવારના સભ્ય.

કોઈપણ ઈલેક્ટ્રોનિક ડિવાઇસ માટે ચાર્જર અને જો તમે સંગીત, ઓડિયોબુક અથવા પોડકાસ્ટ સાંભળવાનું વિચારતા હો તો હેડફોન સાથે લાવવાનું રાખો.

કેટલીક એવી વસ્તુઓ છે જે તમને કોર્ટની બિલ્ડિંગમાં લાવવાની મંજૂરી નથી. તમે આ વિશે વધુ માહિતી પેજ 10 પર મેળવી શકો છો.

## આરામદાયક રહેવું

જો કે કોર્ટમાં હાજર રહેવા માટે કોઈ ચોક્કસ ડ્રેસ કોડ નથી, પરંતુ તમે લેયર્સમાં કપડાં પહેરવાનું અથવા સ્કાર્ફ કે જેકેટ સાથે રાખવાનું વિચારી શકો છો જે ગરમી કે ઠંડી લાગે ત્યારે તમે પહેરી કે કાઢી શકો.

# કોર્ટ માટે તૈયારી કરવી

## કોર્ટ સુધી પહોંચવું

### મુસાફરી

તમારી મુસાફરીનું અગાઉથી આયોજન કરવાથી તે દિવસે વધારાની ચિંતા ટાળવામાં મદદ મળી શકે છે. તમે જે બાબતો પર વિચાર કરી શકો છો:

- તમારી મુસાફરીમાં કેટલો સમય લાગશે અને તમે કયા સમયે મુસાફરી કરી રહ્યા છો. ઉદાહરણ તરીકે, વધુ અવરજવરના (પીક) સમયે મુસાફરીમાં વધુ સમય લાગી શકે છે.
- જો તમે ડ્રાઇવિંગ કરીને આવતા હો, તો તમે ક્યાં પાર્ક કરી શકો છો અને જો જરૂર હોય તો પાર્કિંગ માટે કેવી રીતે ચૂકવણી કરવી તે વિશે વિચારો. ઉદાહરણ તરીકે, શું તમારે ટિકિટ મશીન કે મીટર માટે રોકડ કે પછી કાર્ડની જરૂર છે અથવા તમે ઍપ દ્વારા ચૂકવણી કરો છો?
- જો તમે જાહેર પરિવહનનો ઉપયોગ કરી રહ્યા હો, તો તમે બસ અથવા ટ્રેનના સમયપત્રક અને તેની ફ્રિક્વન્સી (કેટલી વાર મળે છે)થી પરિચિત થઈ શકો છો.

સાક્ષી તરીકે કોર્ટમાં હાજર રહેવા માટે તમને થયેલા મુસાફરી ખર્ચ માટે તમે વળતરનો દાવો કરી શકો છો. ખર્ચના દાવા વિશે વધુ માહિતી પેજ 15 પર છે.

> જો તમે ફરિયાદી પક્ષના સાક્ષી હો, તો તમે તમારી મુસાફરીની વ્યવસ્થા અને કોઈપણ ચિંતા વિશે તમારા સાક્ષી સંભાળ યુનિટના અધિકારી સાથે ચર્ચા કરી શકો છો. જો તમે બચાવ પક્ષના સાક્ષી હો, તો તમે તે વકીલ સાથે આ વિશે ચર્ચા કરી શકો છો જેમણે તમને કોર્ટમાં હાજર રહેવા જણાવ્યું હતું.

### મારે કઈ કોર્ટમાં જવાનું રહેશે?

કોર્ટમાં જુબાની આપવા માટે તમને મળેલા પત્રમાં કઈ કોર્ટમાં હાજર રહેવું તેની વિગતો હશે. જો તમે અચોક્કસ હો, તો જો તમે ફરિયાદી પક્ષના સાક્ષી હો તો તમે સાક્ષી સંભાળ યુનિટ અથવા કેસના અધિકારીને પૂછી શકો છો અથવા જો તમે બચાવ પક્ષના સાક્ષી હો તો બચાવ પક્ષના વકીલને પૂછી શકો છો.

> તમે કોર્ટ વિશે વધુ માહિતી અને ત્યાં પહોંચવાનો રસ્તો GOV.UK વેબસાઇટ પર મેળવી શકો છો: **gov.uk/find-court-tribunal**. GOV.UK વેબસાઇટ પર કોર્ટ શોધવા માટેના પેજને જોવા માટે QR કોડ સ્કેન કરો

## ધ્યાનમાં લેવા જેવી અન્ય બાબતો

### કામ પરથી રજા લેવી

જો તમે નોકરી કરતા હો, તો જો તમારે કોર્ટમાં હાજર રહેવા માટે રજા લેવાની જરૂર હોય તો તમારા કાર્યસ્થળ પર શક્ય તેટલી વહેલી જાણ કરો.

તમારા નોકરીદાતા (માલિક) માટે આ રજા માટે તમને પગાર ચૂકવવો ફરજિયાત નથી, પરંતુ તમે કમાણીના નુકસાન માટે ખર્ચનો દાવો કરી શકો છો. જો તમે સ્વ-રોજગાર ધરાવતા હો તો પણ આ લાગુ પડે છે. ખર્ચના દાવા વિશે વધુ માહિતી પેજ 15 પર છે.

જો તમારા નોકરીદાતા (માલિક) તમને સાક્ષી તરીકે કોર્ટમાં હાજર રહેવા માટે રજા આપવાનો ઇનકાર કરે, તો જો તમે ફરિયાદી પક્ષના સાક્ષી હો તો સાક્ષી સંભાળ યુનિટ અથવા કેસના અધિકારી સાથે વાત કરો અથવા જો તમે બચાવ પક્ષના સાક્ષી હો તો બચાવ પક્ષના વકીલ સાથે વાત કરો.

જો તમને સાક્ષી તરીકે હાજર રહેવાનું ફરમાન મળ્યું હોય, તો તમારા નોકરીદાતાએ તમને કોર્ટમાં હાજર રહેવા દેવા જ પડશે. (સાક્ષી તરીકે હાજર રહેવાનું ફરમાન એ કોર્ટ દ્વારા જારી કરાયેલ એક કાનૂની દસ્તાવેજ છે જેમાં તમારે સુનાવણીમાં હાજર રહેવું અને જુબાની આપવી જરૂરી હોય છે.)

### બાળ સંભાળ

**જ્યારે તમે જુબાની આપતા હો ત્યારે કોર્ટ બિલ્ડિંગમાં બાળકોની સંભાળ માટેની કોઈ સુવિધા ઉપલબ્ધ હશે નહીં અને કોર્ટ એ નાના બાળકો માટે યોગ્ય વાતાવરણ નથી.**

જો તમારી પાસે શાળાએ જવાની ઉંમર કરતાં નાના બાળકો હોય, તો તમારે તેમના માટે બાળ સંભાળની વ્યવસ્થા કરવાની જરૂર પડશે. જો આ મુશ્કેલ હોય અથવા તેમાં વધારાનો ખર્ચ થતો હોય, તો જો તમે ફરિયાદી પક્ષના સાક્ષી હો તો સાક્ષી સંભાળ યુનિટ અથવા કેસના અધિકારી સાથે વાત કરો અથવા જો તમે બચાવ પક્ષના સાક્ષી હો તો બચાવ પક્ષના વકીલ સાથે વાત કરો. તમે આ ખર્ચ પાછો મેળવવા માટે દાવો કરી શકો છો.

જો તમારી પાસે શાળાએ જતી ઉંમરના બાળકો હોય, તો જો તમારી પાસે વિકલ્પ હોય તો તમે કોઈ મિત્ર અથવા પરિવારના સભ્યને તેમને શાળાએ મૂકવા અને લેવા જવા માટે મદદ કરવા કહી શકો છો. આ તમને ઉતાવળ અનુભવ્યા વગર સમયસર કોર્ટમાં પહોંચવામાં મદદ કરી શકે છે અને તમે જ્યારે કોર્ટમાં હો ત્યારે તેમને લેવા જવાની ચિંતા કરતાં અટકાવી શકે છે.

# કોર્ટ માટે તૈયારી કરવી

જો તમને બાળકોની સંભાળ અંગે કોઈ ચિંતા હોય, તો તમને કોર્ટમાં હાજર રહેવાની સૂચના આપનાર વ્યક્તિ (જેમ કે સાક્ષી સંભાળ યુનિટના અધિકારી અથવા બચાવ પક્ષના વકીલ)ને જાણ કરો.

## નાણાકીય બાબતો

કોર્ટમાં હાજરી આપવાનો અર્થ મુસાફરી, બાળકની સંભાળ, પાર્કિંગ અને નાસ્તા જેવી વસ્તુઓનો અણધાર્યો નાણાકીય ખર્ચ હોઈ શકે છે. તમારી નોકરીના આધારે, તમારે કામ પરથી એક દિવસની રજા લેવી પડી શકે છે, જેના માટે પગાર આપવામાં ન પણ આવે અથવા જો તમે સ્વ-રોજગાર ધરાવતા હો તો કામ માટે ના પાડવી પડી શકે છે.

તમે સાક્ષી તરીકે કોર્ટમાં હાજર રહેવા બદલ ખર્ચ અને ભથ્થાનો દાવો કરી શકો છો. ખર્ચના દાવા વિશે વધુ માહિતી પેજ 15 પર છે.

### ક્યારેક ટૂંકી નોટિસ સાથે

સુનાવણીની તારીખો બદલાઈ શકે છે, ઇંગ્લેન્ડ અને વેલ્સમાં બધી નિર્ધારિત સુનાવણીઓ આયોજન મુજબ આગળ વધતી નથી, કારણ કે સુનાવણીઓ અવારનવાર ટૂંકી નોટિસ સાથે રદ કરવામાં આવે છે. જો તમે જે સુનાવણીમાં હાજર રહેવાના હો તે રદ કરવામાં આવે, તો તેનું કારણ તમને સ્પષ્ટપણે સમજાવવામાં આવશે.

જો બીજા કેસ માટે કોર્ટરૂમની જરૂર હોય અથવા જજ ઉપલબ્ધ ન હોય, તો સુનાવણી મુલતવી રાખવામાં આવી શકે છે. આને 'સ્થગિત' કહેવામાં આવે છે.

સુનાવણીમાં વિલંબ થયો છે તે સાંભળવું મુશ્કેલ હોઈ શકે છે – પરંતુ આ એક શક્યતા છે તે જાણવાથી તમારી કોર્ટની તારીખ નજીક આવતા તમને વધુ તૈયાર અનુભવવામાં મદદ મળી શકે છે.

## વિશેષ પગલાં

તમે તમારી શ્રેષ્ઠ જુબાની આપી શકો તે માટે તમે કોર્ટમાં વધારાની સહાય મેળવવા માટે પાત્ર હોઈ શકો છો.

'વિશેષ પગલાં' એ એવી બાબતો છે જે કોર્ટ તમને આરામદાયક અનુભવ કરાવવા અને જુબાની આપવાના તમારા અનુભવને શક્ય તેટલો સુખદ બનાવવા માટે આપી શકે છે અથવા કરી શકે છે.

જે સાક્ષીઓ અસુરક્ષિત હોય અથવા ભયભીત હોય તેઓ વિશેષ પગલાં માટે વિનંતી કરી શકે છે.

તમે **અસુરક્ષિત** સાક્ષી ગણાશો જો તમે:

- 18 વર્ષથી ઓછી ઉંમરના યુવાન વ્યક્તિ હો
- કોઈ શારીરિક અથવા માનસિક સ્થિતિ અથવા વિકલાંગતા ધરાવતા હો જે તમારી જુબાની આપવાની ક્ષમતાને અસર કરી શકે છે.

તમે **ભયભીત** સાક્ષી ગણાશો જો તમે:

- કોર્ટમાં જુબાની આપવા વિશે એટલા ડરેલા અથવા વ્યથિત હો કે તમારી જુબાનીની ગુણવત્તા પર અસર પડે
- નરહત્યા (હત્યા અથવા સાપરાધ મનુષ્યવધ)માં સ્વજન ગુમાવનાર સંબંધી હો
- નીચેના સહિતના ગુનાના ભોગ બનેલા બચી ગયેલા વ્યક્તિ હો:
  - જાતીય ગુના
  - ઘરેલુ હિંસા
  - નફરત આધારિત ગુનો
  - આધુનિક ગુલામી
  - આતંકવાદ
- છરી અથવા બંદૂક જેવા હથિયારો સાથે સંકળાયેલા ગુનાના ભોગ બનનાર અથવા સાક્ષી હો.

સાક્ષીઓને વિશેષ પગલાં આપોઆપ આપવામાં આવતા નથી.

- જો તમે ફરિયાદી પક્ષના સાક્ષી હો, તો CPS એ તમને શ્રેષ્ઠ જુબાની આપવામાં મદદરૂપ થઈ શકે તેવા વિશેષ પગલાં માટે કોર્ટમાં અરજી કરવી પડશે.
- જો તમે બચાવ પક્ષના સાક્ષી હો, તો બચાવ પક્ષની કાનૂની ટીમે વિશેષ પગલાં માટે કોર્ટમાં અરજી કરવી પડશે.

અરજીમાં આપવામાં આવેલી માહિતીના આધારે જજ અથવા મેજિસ્ટ્રેટ નક્કી કરશે કે કયા વિશેષ પગલાં મંજૂર કરી શકાય છે.

# કોર્ટ માટે તૈયારી કરવી



વિશેષ પગલાં વિશે વધુ માહિતી માટે:

- અમારા ઇન્ટરેક્ટિવ કોર્ટરૂમની મુલાકાત લો: **witnessservice.org.uk/support/different-courts**

સાક્ષી સેવા વેબસાઇટ પર ઇન્ટરેક્ટિવ કોર્ટરૂમ જોવા માટે QR કોડ સ્કેન કરો

## ઉપલબ્ધ વિશેષ પગલાં

### -રેકોર્ડ કરેલ ઇન્ટરવ્યૂ

પોલીસ લેખિત નિવેદન લેવાને બદલે શું બન્યું હતું તેની તમારી રજૂઆતનું રેકોર્ડિંગ કરી શકે છે. આને તમારી મુખ્ય જુબાની અથવા શ્રેષ્ઠ પુરાવા મેળવવા માટેનું ઇન્ટરવ્યૂ પણ કહી શકાય. સુનાવણી દરમિયાન કોર્ટમાં ટીવી સ્ક્રીન પર આ ચલાવવામાં આવશે.

### -રેકોર્ડ કરેલી ઉલટ તપાસ અથવા ફરી તપાસ

જો તમે ફરિયાદી પક્ષના સાક્ષી હો, તો ફરિયાદી પક્ષના વકીલ તમને પહેલા પ્રશ્નો પૂછશે. ત્યારબાદ, બચાવ પક્ષના વકીલ તમારી ઉલટ તપાસ કરશે. જો તમે બચાવ પક્ષના સાક્ષી હો, તો પહેલા બચાવ પક્ષના વકીલ દ્વારા તમારી પૂછપરછ કરવામાં આવશે અને પછી ફરિયાદી પક્ષના વકીલ દ્વારા તમારી ઉલટ તપાસ કરવામાં આવશે. ફરી તપાસ એટલે પ્રથમ વકીલ દ્વારા કરવામાં આવતા કોઈપણ ફોલો-અપ પ્રશ્નો.

આ ખાસ માપદંડ હેઠળ રેકોર્ડ કરી શકાય છે, જેનો અર્થ છે કે જો તમારો -રેકોર્ડ કરેલ ઇન્ટરવ્યૂ પણ લેવામાં આવ્યું હોય, તો તમારે સુનાવણીમાં રૂબરૂ હાજર રહેવાની બિલકુલ જરૂર નથી. સુનાવણી દરમિયાન કોર્ટમાં ટીવી સ્ક્રીન પર -રેકોર્ડ કરેલી ઉલટ તપાસ બતાવવામાં આવે છે.

આને ક્યારેક કલમ 28ની સુનાવણી કહેવામાં આવે છે, જે આ ખાસ માપદંડ હેઠળ જુબાની આપવા અંગેની કાયદાની એક કલમ છે.

### કોર્ટમાં સ્ક્રીનનો ઉપયોગ

સાક્ષીના કઠેડામાં તમારી આસપાસ સ્ક્રીન અથવા પડદા લગાવી શકાય છે. જ્યારે તમે કોર્ટરૂમમાં જુબાની આપી રહ્યા હો અથવા તમારી ઉલટ તપાસ થઈ રહી હોય, ત્યારે આરોપી તમને જોઈ શકશે નહીં અને તમે તેમને જોઈ શકશો નહીં.

### લાઇવ લિંક

તમારે કોર્ટરૂમમાં પ્રવેશવાને બદલે, તમે કોર્ટ બિલ્ડિંગના બીજા રૂમમાંથી અથવા બીજે ક્યાંકથી તમારી જુબાની આપી શકો છો. તમે માઇક્રોફોન સાથેના ટીવી જેવા દેખાતા સાધન સામે બેસો છો. ત્યાં -રેકોર્ડિંગ ઉપકરણ (જેમ કે વેબકેમ) હોય છે, જેથી તમને કોર્ટરૂમમાં લાઇવ જોઈ શકાય.

કોર્ટના તમામ સભ્યો તમને કોર્ટરૂમમાં ટીવી સ્ક્રીન પર જુબાની આપતા જુએ છે, પરંતુ તમે ફક્ત તમારી સાથે વાત કરનાર વ્યક્તિને જ જોઈ શકો છો. ઉદાહરણ તરીકે, જજ અથવા વકીલ.

તમારી જુબાની આપતી વખતે આરોપી તમને જોઈ ન શકે તે માટે વકીલ ટેલિવિઝન મોનિટરને આરોપીની નજરથી દૂર રાખવા અથવા સ્ક્રીન કરવા માટે અરજી કરી શકે છે. આને સંયુક્ત વિશેષ પગલાંની અરજી અથવા 'સ્ક્રીનનું સ્ક્રીનિંગ' કહેવામાં આવે છે.

### વિગ અને ગાઉન દૂર કરવું

કોર્ટમાં જજ અને વકીલો તેમની પરંપરાગત વિગ અને ગાઉન ઉતારી શકે છે જેથી કોર્ટરૂમ ઓછો ઔપચારિક અને ડરામણો લાગે.



# કોર્ટ માટે તૈયારી કરવી




### ખાનગીમાં આપવામાં આવતી જુબાની

કોર્ટ એ જાહેર ઇમારતો છે, જેનો અર્થ છે કે સામાન્ય જનતા અને પ્રેસના સભ્યો સામાન્ય રીતે કોર્ટની સુનાવણી જોઈ શકે છે. આ વિશેષ પગલા હેઠળ, જે લોકોની કાયદેસર રીતે ત્યાં જરૂર નથી તેમને કોર્ટરૂમમાંથી બહાર મોકલી શકાય છે જેથી તમે ખાનગીમાં જુબાની આપી શકો.

### મધ્યસ્થીનો ઉપયોગ

મધ્યસ્થી એક એવી વ્યક્તિ છે જે સાક્ષીને વાતચીત કરવામાં મદદ કરી શકે છે. તમને તમારી શ્રેષ્ઠ જુબાની આપવામાં મદદ કરવા માટે, તેઓ તમને ન સમજાતી ભાષા અથવા પ્રશ્નો સમજાવવામાં અથવા કોર્ટને તે પ્રશ્નો ફરીથી અન્ય શબ્દસમૂહનો ઉપયોગ કરીને પૂછવા માટે કહી શકે છે.

### વાતચીત માટેના સાધનો

વાતચીતના સાધનોમાં વિઝ્યુઅલ એઇડ બોર્ડ, આઇ ગેઝ સૉફ્ટવેર, ઢીંગલી અથવા શરીરના રેખાચિત્રો જેવી વસ્તુઓનો સમાવેશ થઈ શકે છે.

જો તમે ફરિયાદી પક્ષના સાક્ષી હો તો સાક્ષી સંભાળ યુનિટ અથવા કેસના અધિકારી પાસેથી અને જો તમે બચાવ પક્ષના સાક્ષી હો તો બચાવ પક્ષના વકીલ પાસેથી વિશેષ પગલાં વિશે વધુ જાણી શકો છો. તમે સાક્ષી સેવા વેબસાઇટ પર પણ વધુ જાણી શકો છો: **witnessservice.org.uk/your-rights/special-measures**

સાક્ષી સેવા વેબસાઇટ પર વિશેષ પગલાંનું પેજ જોવા માટે QR કોડ સ્કેન કરો

તમે CPS વેબસાઇટ પર વિશેષ પગલાં સમજાવતી માર્ગદર્શિકા પણ જોઈ શકો છો:
**cps.gov.uk/victims-guide/victims-guide-support-give-your-evidence-special-measures**

CPS વેબસાઇટ પર વિશેષ પગલાં વિશેની માર્ગદર્શિકા જોવા માટે QR કોડ સ્કેન કરો



# કોર્ટમાં

## કોર્ટમાં પહોંચવું

### સુરક્ષા તપાસમાંથી પસાર થવું

જ્યારે તમે કોર્ટમાં પહોંચશો, ત્યારે તમારે એરપોર્ટ જેવી સુરક્ષા તપાસમાંથી પસાર થવું પડશે. આ કદાચ ડરામણું લાગે, પરંતુ તે કોર્ટને સુરક્ષિત રાખવામાં મદદ કરે છે અને બિલ્ડિંગમાં પ્રવેશનાર દરેક વ્યક્તિ તેમાંથી પસાર થાય છે. જો તમને કોઈ મદદની જરૂર હોય અથવા કોઈ પ્રશ્નો હોય, તો સુરક્ષા અધિકારી તમારી મદદ માટે ત્યાં હાજર હશે.

સુરક્ષા અધિકારી તમને તમારા ખિસ્સા ખાલી કરવા અને તમારો સામાન ટ્રેમાં રાખવા માટે કહી શકે છે. તમને તમારા પગરખાં, કોટ, મોજાં, બેલ્ટ અથવા ટોપી ઉતારવા માટે કહેવામાં આવી શકે છે. તમે તમારી સાથે જે પણ બેગ લાવ્યા હશો તેની તેઓ તપાસ કરશે. કેટલીક કોર્ટમાં એક્સ-રે સિક્યુરિટી સ્કેનર્સ હોય છે, જેમાંથી તમારો સામાન પસાર કરવામાં આવી શકે છે.

તમને આર્કવે સિક્યુરિટી ડિટેક્ટરમાંથી પસાર થવા માટે કહેવામાં આવશે. સુરક્ષા અધિકારી વધુ તપાસ કરવા માટે હેન્ડહેલ્ડ સ્કેનરનો ઉપયોગ કરી શકે છે અને જો જરૂરી હોય તો, તેઓ જાતે વ્યક્તિની તપાસ કરી શકે છે.

એકવાર તેઓ તેમની તપાસ પૂર્ણ કરી લે, પછી તમે સુરક્ષા અધિકારીને કહી શકો છો કે તમે સાક્ષી છો અને તેમને સાક્ષી સેવા માટે પૂછી શકો છો.

તમે તમારી સાથે બિન-આલ્કોહોલિક પીણાં લાવી શકો છો. જો કોઈ પીણું ખુલ્લું હોય અથવા ફ્લાસ્ક, બોટલ કે કપમાં હોય, તો સુરક્ષા અધિકારી તમને તે પીણું હાનિકારક નથી તે સાબિત કરવા માટે એક ઘૂંટડો પીવા માટે કહેશે. આને 'સિપ ટેસ્ટ (ઘૂંટડો પરીક્ષણ)' કહેવામાં આવે છે.

કેટલીક એવી વસ્તુઓ છે જે તમને કોર્ટમાં લાવવાની **મંજૂરી નથી**. ઉદાહરણ તરીકે, તમે કોઈપણ છરી અથવા હથિયાર, કોઈપણ બ્લેડ અથવા અન્ય તીક્ષ્ણ વસ્તુઓ, કાચ, સાધનો, આલ્કોહોલ અથવા પીણાં કે પ્રિસ્ક્રિપ્શન દવા ન હોય તેવા કોઈપણ પ્રવાહી (પરફ્યુમ સહિત) લાવી શકતા નથી. સંપૂર્ણ યાદી GOV.UK વેબસાઇટ પર મળી શકે છે: **gov.uk/entering-court-or-tribunal-building**

GOV.UK વેબસાઇટ પર તમે કોર્ટમાં કઈ વસ્તુઓ લાવી શકતા નથી તે પેજ જોવા માટે QR કોડ સ્કેન કરો

### કોર્ટનો અલગ પ્રવેશદ્વાર

જો તમે અસુરક્ષિત અથવા ડરેલા સાક્ષી હો, તો અલગ પ્રવેશદ્વાર દ્વારા કોર્ટમાં પ્રવેશની વ્યવસ્થા કરવી શક્ય બની શકે છે. સાક્ષી સેવા અથવા સાક્ષી સંભાળ યુનિટના અધિકારી કોર્ટમાં હાજર થતા પહેલાં સાક્ષીઓ માટે આ વ્યવસ્થા કરી શકે છે.

## સાક્ષી સેવા સપોર્ટ

સુનાવણીના દિવસે તમને ટેકો આપવા માટે સાક્ષી સેવા ઉપલબ્ધ છે.

તમે તમારી જુબાની આપો તે પહેલાં, સાક્ષી સેવાના સહાયક કોર્ટના સામાન્ય પ્રતીક્ષા વિસ્તારથી દૂર, સુરક્ષિત પ્રતીક્ષા વિસ્તારમાં તમારી સાથે રહેશે.

તેઓ તમારી સાથે કોર્ટની પ્રક્રિયા વિશે વાત કરી શકે છે અને તમારા કોઈપણ પ્રશ્નોના જવાબ આપી શકે છે.**પરંતુ તેઓ તમારી સાથે તમારી જુબાની અથવા સુનાવણી વિશેની કોઈપણ વિગતોની ચર્ચા કરશે નહીં.**

તમને અપડેટ રાખવા માટે સાક્ષી સેવા તમારી અને કોર્ટ અથવા CPS સ્ટાફ વચ્ચે કડી તરીકે કામ કરી શકે છે.

## પ્રતીક્ષા વિસ્તારો

જ્યાં સુધી કોર્ટરૂમમાં તમારી જુબાની આપવાનો સમય ન આવે ત્યાં સુધી, તમે કોર્ટના સામાન્ય પ્રતીક્ષા વિસ્તારથી દૂર એક અલગ પ્રતીક્ષા વિસ્તારમાં રાહ જોઈ શકશો. કોર્ટનો સ્ટાફ અથવા સુરક્ષા અધિકારી તમને ક્યાં જવું તે જણાવી શકે છે.

આને ક્યારેક સાક્ષી સ્યુટ અથવા સાક્ષી પ્રતીક્ષા વિસ્તાર કહેવામાં આવે છે.

સાક્ષી પ્રતીક્ષા વિસ્તારમાં અન્ય લોકો હોઈ શકે છે જેઓ તમારી જેમ જ સુનાવણીમાં અથવા કોર્ટ બિલ્ડિંગમાં અન્ય સુનાવણીમાં જુબાની આપી રહ્યા હોય.

**તમારા કેસ વિશે અન્ય કોઈ સાક્ષીઓ સાથે ચર્ચા ન કરવી તે ખૂબ જ મહત્વપૂર્ણ છે. જ્યારે તમે સાક્ષી પ્રતીક્ષા વિસ્તારમાં હો, લંચ બ્રેક અથવા રિસેસ દરમિયા, અથવા જો તમે અધૂરી જુબાની આપી હોય અને બીજા દિવસે પાછા બોલાવવામાં આવ્યા હો, ત્યારે પણ આ નિયમ લાગુ પડે છે.**

# કોર્ટમાં

જ્યાં શક્ય હોય ત્યાં, ફરિયાદી પક્ષના સાક્ષીઓ (અને શોકગ્રસ્ત પરિવારના સભ્યો) બચાવ પક્ષના સાક્ષીઓથી અલગ બેસી શકશે. જો તમને કોઈ ચિંતા હોય, તો તમે સાક્ષી સેવા સહાયક સાથે વાત કરી શકો છો.

### તમારા સાક્ષી નિવેદનની સમીક્ષા

જ્યારે તમે રાહ જોઈ રહ્યા હો, ત્યારે તમે તમારું સાક્ષી નિવેદન વાંચી શકશો. આ તમારી યાદશક્તિ તાજી કરવા માટે છે કે તમે પોલીસને અથવા બચાવ પક્ષની કાનૂની ટીમને શું જુબાની આપી હતી.

જો તમારી પાસે અગાઉથી રેકોર્ડ કરેલ સાક્ષી નિવેદન હોય અને સુનાવણી શરૂ થતા પહેલાં યાદશક્તિ તાજી કરવા માટે તમે તે જોયું ન હોય, તો કેસના અધિકારી તેને જોવાની વ્યવસ્થા કરી શકે છે.

કોર્ટ સહાયક એ તમારું સાક્ષી નિવેદન કોર્ટરૂમમાં લઈ જવું જોઈએ અને તમે કોર્ટની પરવાનગી સાથે તેનો સંદર્ભ લઈ શકો છો.

## CPS ફરિયાદી પક્ષના વકીલ અથવા બચાવ પક્ષના પ્રતિનિધિને મળવું

તમે તમારી જુબાની આપો તે પહેલાં, કાનૂની ટીમનો એક સભ્ય તમારી સાથે સાક્ષી પ્રતીક્ષા વિસ્તારમાં વાત કરશે.

તેઓ કોર્ટના પોશાકમાં હશે અને કદાચ વિગ અને ગાઉન પહેરેલા હશે.

- **જો તમને ફરિયાદી પક્ષ દ્વારા સાક્ષી તરીકે બોલાવવામાં આવ્યા હોય**, તો CPS ફરિયાદી પક્ષ અથવા ફરિયાદી પક્ષની ટીમમાંથી અન્ય કોઈ વ્યક્તિ તમારી સાથે કેસ વિશે વાત કરશે.
- **જો તમને બચાવ પક્ષ દ્વારા સાક્ષી તરીકે બોલાવવામાં આવ્યા હોય,** તો બચાવ પક્ષના વકીલ અથવા બચાવ પક્ષની ટીમમાંથી કોઈ તમારી સાથે વાત કરવા આવશે.

## વિલંબ

જોકે તમને જુબાની આપવા માટેના પત્રમાં કોર્ટમાં હાજર રહેવાનો સમય આપવામાં આવ્યો હશે, પરંતુ ક્યારેક સુનાવણી સમયસર શરૂ થતી નથી.

તમારી જુબાની આપવા માટે બોલાવવામાં આવે તે પહેલાં તમારે સાક્ષી પ્રતીક્ષા વિસ્તારમાં થોડો સમય રાહ જોવી પડી શકે છે. કેટલાક કિસ્સાઓમાં, સાક્ષીઓએ બીજા દિવસે પાછા આવવું પડી શકે છે.

જ્યારે તમે જુબાની આપવા માટે કોર્ટમાં રાહ જોતા હો ત્યારે સાક્ષી સેવાના સહાયક તમને કોઈપણ વિલંબ વિશે અપડેટ રાખશે.

સમય પસાર કરવા માટે તમે તમારી સાથે પુસ્તક અથવા ઈ-બુક રીડર, મેગેઝિન, ફોન અથવા ટેબ્લેટ જેવી વસ્તુઓ લાવવાનું વિચારી શકો છો. (કોઈપણ ઉપકરણો માટે તમારી સાથે ચાર્જર લાવવાનું અને જો તમે કંઈપણ સાંભળવાનું આયોજન કરતા હો તો હેડફોન લાવવાનું ધ્યાનમાં રાખશો.)

કોર્ટમાં જતી વખતે તમે વધુ આરામદાયક અનુભવો તે માટે સાક્ષી સેવાની વેબસાઇટ પર વધુ સંસાધનો ઉપલબ્ધ છે. આમાં સામેલ છે:

- એક ઇન્ટરેક્ટિવ કોર્ટરૂમ: **witnessservice.org.uk/support/different-courts**

સાક્ષી સેવા વેબસાઇટ પર ઇન્ટરેક્ટિવ કોર્ટરૂમ જોવા માટે QR કોડ સ્કેન કરો

# જુબાની આપવી



જ્યારે તમારી જુબાની આપવાનો સમય આવશે, ત્યારે કોર્ટના સહાયક તમને સાક્ષી પ્રતીક્ષા વિસ્તારમાંથી લઈ જશે અને તમને કોર્ટરૂમ બતાવશે.

> તમે જુબાની આપો ત્યારે સાક્ષી સેવા સહાયક તમારી સાથે આવી શકે છે.

એકવાર તમે કોર્ટરૂમમાં પહોંચી જાઓ, પછી તેઓ તમને જણાવશે કે ક્યાં ઊભા રહેવું. આને સાક્ષીનો કઠેડો કહેવામાં આવે છે.

ત્યારબાદ કોર્ટ સહાયક તમારા શપથ અથવા પ્રતિજ્ઞા લેવડાવશે. આ પ્રક્રિયાને 'શપથ લેવા' કહેવામાં આવે છે અને આ તે સમય છે જ્યારે તમે સુનાવણીમાં જુબાની આપતી વખતે સત્ય બોલવાનું વચન આપો છો. તમે કાં તો તમારા ધર્મના પવિત્ર પુસ્તક પર શપથ લઈ શકો છો અથવા તમે બિન-ધાર્મિક પ્રતિજ્ઞા લઈ શકો છો.

એકવાર તમે શપથ લઈ લો, પછી વકીલ તમારા નિવેદનના આધારે તમને પ્રશ્નો પૂછવાનું શરૂ કરશે જેથી તમને તમારી ઘટનાની રજૂઆત કરવામાં મદદ મળે. જો તમે ફરિયાદી પક્ષના સાક્ષી હો, તો CPS પ્રોસીક્યુટર (ફરિયાદી પક્ષના વકીલ) તમને પ્રશ્નો પૂછશે અથવા જો તમે બચાવ પક્ષના સાક્ષી હો, તો બચાવ પક્ષના વકીલ તમને પ્રશ્નો પૂછશે.

(જો તમે પહેલેથી જ તમારી જુબાની પૂર્વ-રેકોર્ડ કરેલા ઇન્ટરવ્યૂ તરીકે આપી છે, તો તે કોર્ટમાં ટીવી સ્ક્રીન પર ચલાવવામાં આવશે, તેથી તમારે રૂબરૂ જુબાની આપવાની જરૂર રહેશે નહીં.)

> મેજિસ્ટ્રેટ અથવા ન્યાયાધીશ અને જ્યુરીએ તમારું નિવેદન જોયું કે વાંચ્યું હશે નહીં.

જે વકીલે તમને જુબાની આપવા માટે બોલાવ્યા છે તેમણે તેમના પ્રશ્નો પૂછવાનું પૂર્ણ કર્યા પછી, બીજા વકીલ પ્રશ્નો પૂછશે. આને ઉલટ તપાસ કહેવામાં આવે છે.

આ પ્રશ્નો વધુ પડકારજનક હોઈ શકે છે, કારણ કે વિરોધી પક્ષ તમારી જુબાનીની વિશ્વસનીયતા ચકાસવા અથવા કોઈપણ અસંગતતાઓને પ્રકાશિત કરવા માંગે છે.

> જો તમને પૂછપરછ દરમિયાન વિરામ અથવા ટોયલેટ બ્રેકની જરૂર હોય તો તમે ન્યાયાધીશ અથવા મેજિસ્ટ્રેટને પૂછી શકો છો. જો તમને પૂછવામાં આવેલી કોઈ વાત સમજાય નહીં, તો તમે વકીલોને પ્રશ્ન ફરીથી પૂછવા અથવા તેને અલગ રીતે કહેવા માટે પણ કહી શકો છો. જો તમને કોઈ પ્રશ્નનો જવાબ ખબર ન હોય, તો તમે તેમ કહી શકો છો: જો તમને ખાતરી ન હોય તો તમારે અનુમાન લગાવવું જોઈએ નહીં અથવા ખોટો જવાબ બનાવવો જોઈએ નહીં.

## મારે ન્યાયાધીશને શું કહીને સંબોધવા જોઈએ?

સુનાવણી દરમિયાન તમારે ન્યાયાધીશ સાથે સીધી વાત કરવાની જરૂર ન પડી શકે. જો તમારે વાત કરવી પડે, તો તેઓ સમજી જશે કે તમે કાયદાકીય નિષ્ણાત નથી અને કદાચ ગભરાયેલા હશો, તેથી તેમને ખોટી રીતે સંબોધવા વિશે ચિંતા કરશો નહીં.

જો તમને ખાતરી ન હોય કે તેમને શું કહેવું, તો તમે ફક્ત 'જજ' શબ્દનો ઉપયોગ કરી શકો છો. ઉદાહરણ તરીકે, "જી, જજ." અથવા તમે જુબાની આપતા પહેલાં સાક્ષી સેવાના સહાયક અથવા CPS ફરિયાદી પક્ષના વકીલ અથવા બચાવ પક્ષના વકીલને પૂછી શકો છો.

## મને બચાવ પક્ષને જોવા અંગે ચિંતા છે

જો તમને ફરિયાદી પક્ષ દ્વારા સાક્ષી તરીકે બોલાવવામાં આવ્યા હોય, તો તમે બચાવ પક્ષને જોવા વિશે ગભરાટ અથવા ચિંતા અનુભવી શકો છો. આમાં કેટલાક વિશેષ પગલાં મદદ કરી શકે છે, જેમ કે પેજ આઠ પર નોંધ્યું છે (ઉદાહરણ તરીકે, સાક્ષીના કઠેડાનું સ્ક્રીનિંગ કરવું જેથી તમારે તમારી જુબાની આપતી વખતે બચાવ પક્ષને જોવો ન પડે). વધુ માહિતી માટે તમારા સાક્ષી સંભાળ યુનિટના અધિકારી અથવા કેસના અધિકારી સાથે વાત કરો.

> બચાવ પક્ષ સુનાવણીના થોડા સમય પહેલાં અથવા સુનાવણીના દિવસે પણ ગુનો કબૂલી શકે છે. જો આવું થાય, તો સુનાવણી આગળ વધશે નહીં અને તમારે જુબાની આપવી પડશે નહીં – ભલે તમે તે દિવસે કોર્ટમાં હાજર થયા હો.
>
> જો આવું થાય, તો કોર્ટમાં હાજર રહ્યા પછી અને જુબાની આપવા માટે પોતાને તૈયાર કર્યા પછી આ એક નિરાશાજનક અનુભવ જેવું લાગી શકે છે. જો તમને સહાયની જરૂર હોય, તો તમે સાક્ષી સેવાના સહાયક સાથે વાત કરી શકો છો.

# જુબાની આપવી

તમે સાક્ષી સેવાની વેબસાઇટ પર કોર્ટ પછીની સહાય વિશે વધુ જાણી શકો છો:
**witnessservice.org.uk/support/after-court**

સાક્ષી સેવાની વેબસાઇટ પર કોર્ટ પછીની સહાય વિશેનું પેજ જોવા માટે QR કોડ સ્કેન કરો

## પીડિતનું વ્યક્તિગત નિવેદન


ગુનાના ભોગ બનેલા વ્યક્તિઓ અને ગુનાને કારણે મૃત્યુ પામેલા ભોગ બનનારના નજીકના પરિવારના સભ્યો, વિક્ટિમ પર્સનલ સ્ટેટમેન્ટ (પીડિતનું વ્યક્તિગત નિવેદન) આપવા માટે હકદાર છે. આ તમારા પોતાના શબ્દોમાં સમજાવવાની તક છે કે ગુનાએ તમને અને તમારા પરિવારને કેવી રીતે અસર કરી છે.

જો બચાવ પક્ષ દોષિત ઠરે અથવા ગુનો કબૂલે, તો કોર્ટ તમારા વિક્ટિમ પર્સનલ સ્ટેટમેન્ટ (પીડિતનું વ્યક્તિગત નિવેદન)ને ધ્યાનમાં લેશે. તમે જ્યારે તમારું સાક્ષી નિવેદન આપો તે જ સમયે અથવા સજા સંભળાવતા પહેલાં કોઈપણ સમયે પીડિતનું વ્યક્તિગત નિવેદન આપી શકો છો.

તમે સાક્ષી સેવાની વેબસાઇટ પર પીડિતનું વ્યક્તિગત નિવેદન બનાવવા વિશે વધુ જાણી શકો છો: **witnessservice.org.uk/your-rights/victim-personal-statement**

સાક્ષી સેવાની વેબસાઇટ પર પીડિતના વ્યક્તિગત નિવેદનો વિશેના પેજને જોવા માટે QR કોડ સ્કેન કરો

# તમારી જુબાની આપ્યા પછી




એકવાર તમે તમારી જુબાની આપી દો અને ન્યાયાધીશ અથવા મેજિસ્ટ્રેટ દ્વારા તમને મુક્ત કરવામાં આવે, પછી સાક્ષી તરીકે તમારી ભૂમિકા સમાપ્ત થઈ જાય છે અને તમે કોર્ટ છોડવા માટે મુક્ત છો.

તમે આ કરી શકો છો:

- જો તમારે હમણાં જે અનુભવ કર્યો તે વિશે વાત કરવી હોય અથવા સહાયની જરૂર હોય તો સાક્ષી પ્રતીક્ષા વિસ્તારમાં પાછા જઈને સાક્ષી સેવાના સહાયક સાથે વાત કરી શકો છો.
- કોર્ટ બિલ્ડિંગ છોડીને ઘરે જઈ શકો છો. જુબાની આપવામાં ઘણી શક્તિ અને પ્રયત્નો લાગે છે અને તે પછી તમે થાક અથવા અશક્તિ અનુભવી શકો છો. જો તમને લાગે કે તમને સહાયની જરૂર છે તો તમે સાક્ષી સેવાના સહાયક સાથે વાત કરી શકો છો.
- પબ્લિક ગેલેરીમાંથી બાકીની સુનાવણી જોઈ શકો છો. પબ્લિક ગેલેરીમાં બેસવા માટે તમારી ઉંમર ઓછામાં ઓછી 14 વર્ષની હોવી જોઈએ, જોકે ખોળામાં હોય તેવા નાના બાળકોને મંજૂરી છે. નોંધ લેશો કે, પબ્લિક ગેલેરીમાં આરોપીના પરિવારના સભ્યો અને મિત્રો હાજર હોઈ શકે છે.

તમે કોર્ટરૂમમાં જે પણ કહ્યું અથવા સાંભળ્યું હોય અથવા જો તમે આગળની જુબાની જોવાનું પસંદ કરો તો પબ્લિક ગેલેરીમાં જે સાંભળ્યું હોય, તે વિશે આ કેસ સાથે સંકળાયેલા અન્ય કોઈપણ સાક્ષીઓ સાથે વાત ન કરવી મહત્વપૂર્ણ છે. આનો અર્થ એ પણ છે કે સોશિયલ મીડિયા પર કેસ વિશે કંઈપણ પોસ્ટ ન કરવું.

## ચુકાદાઓ અને સજા

ઘણા સાક્ષીઓ તેમની જુબાની આપ્યા પછી કોર્ટના બિલ્ડિંગમાંથી બહાર નીકળવાનું પસંદ કરે છે અને તેથી તેઓને સુનાવણીનું પરિણામ તરત જ જાણવા મળતું નથી.

જો તમે ચુકાદો જાણ્યા વગર કોર્ટ છોડો છો, તો સામાન્ય રીતે કેસના અધિકારી અથવા જો તમે ફરિયાદી પક્ષના સાક્ષી હો તો સાક્ષી સંભાળ યુનિટના અધિકારી દ્વારા તમને જાણ કરવામાં આવશે. જો તમે બચાવ પક્ષના સાક્ષી હો, તો તમે પરિણામ વિશે બચાવ પક્ષના વકીલને પૂછી શકો છો.

આરોપી કાં તો ગુનેગાર અથવા નિર્દોષ જાહેર કરવામાં આવશે અથવા હંગ જ્યુરી (અનિર્ણાયક જ્યુરી) હોઈ શકે છે.

**હંગ જ્યુરી:** ક્રાઉન કોર્ટની સુનાવણીમાં આવું ત્યારે થઈ શકે છે જ્યારે જ્યુરી કોઈ ચુકાદા પર ન પહોંચી શકે - પછી ભલે તે સર્વસંમતિથી હોય (તમામ 12 જ્યુરી સભ્યો સંમત હોય) અથવા બહુમતીથી હોય (ઓછામાં ઓછા 10 જ્યુરી સભ્યો સંમત હોય). જો તેઓ સહમત થવામાં અસમર્થ હોય, તો ન્યાયાધીશ જ્યુરીને વિખેરી નાખશે. આરોપી દોષિત કે નિર્દોષ સાબિત થયા વગર જ સુનાવણી સમાપ્ત થાય છે. આ પછી, CPS નક્કી કરે છે કે ફરીથી સુનાવણી યોજવી કે નહીં.

**નિર્દોષ જાહેર કરવાનો ચુકાદો:** જ્યારે નિર્દોષ જાહેર કરવાનો ચુકાદો આવે છે, ત્યારે આરોપીએ સજા ભોગવવી પડતી નથી અને તે જવા માટે મુક્ત છે. કાયદાની નજરમાં હવે ફોજદારી ન્યાય પ્રક્રિયા પૂર્ણ થઈ છે.

**દોષિત જાહેર કરવાનો ચુકાદો:** એકવાર દોષિત જાહેર કરવાનો ચુકાદો આવી જાય પછી, ગુનેગારને સજા કરવામાં આવશે. ક્યારેક આ તરત જ થાય છે, પરંતુ ઘણીવાર સજા માટેની સુનાવણી દિવસો, અઠવાડિયા કે મહિનાઓ પછી નક્કી કરવામાં આવે છે. આનાથી ન્યાયાધીશ અથવા મેજિસ્ટ્રેટને ગુનેગારને યોગ્ય સજા આપવા માટે જરૂરી બધી માહિતી, જેમ કે પ્રોબેશન રિપોર્ટ્સ, મેળવવાની તક મળે છે.

જો તમે ઈચ્છતા ન હો તો તમારે સજાની સુનાવણીમાં હાજર રહેવાની જરૂર નથી. જો તમે હાજર રહેવાનું આયોજન કરો છો, તો સાક્ષી સેવા તમને સજાની સુનાવણીમાં મદદ કરી શકે છે.

## અયોગ્ય રીતે હળવી સજાની યોજના

અયોગ્ય રીતે હળવી સજા (ULS) યોજના કોઈપણ વ્યક્તિને અમુક પ્રકારના કેસોમાં ક્રાઉન કોર્ટની સજાઓની એટર્ની જનરલની ઓફિસ દ્વારા સમીક્ષા કરાવવા માટે વિનંતી કરવાની મંજૂરી આપે છે, જો તેઓ માનતા હોય કે સજા ખૂબ જ હળવી છે.

તમે આ યોજના વિશે અને કયા ચોક્કસ પ્રકારના કેસોની સમીક્ષા કરી શકાય છે તે વિશે વધુ માહિતી GOV.UK વેબસાઇટ પર મેળવી શકો છો: **gov.uk/ask-crown-court-sentence-review**.

અયોગ્ય રીતે હળવી સજા યોજના વિશે GOV.UK વેબસાઇટ પરનું પેજ જોવા માટે QR કોડ સ્કેન કરો

# તમારી જુબાની આપ્યા પછી



## પુનઃસ્થાપિત ન્યાય

પુનઃસ્થાપિત ન્યાય એ ગુનાથી જેમને નુકસાન થયું છે અને જેઓ નુકસાન માટે જવાબદાર છે તેમને સાથે લાવે છે. તે જેમને નુકસાન થયું છે તેવા લોકોને તેમના અનુભવને વ્યક્ત કરવાની અને તેમના પ્રશ્નોના જવાબો મેળવવાની તક આપે છે.

પુનઃસ્થાપિત ન્યાય એ એક સ્વૈચ્છિક પ્રક્રિયા છે જેને આગળ વધારવા માટે બંને પક્ષોની સંમતિ જરૂરી છે.

જો તમને પુનઃસ્થાપિત ન્યાયમાં રસ હોય, તો તમે સાક્ષી સંભાળ યુનિટના અધિકારી સાથે વાત કરી શકો છો અથવા વધુ માહિતી માટે સાક્ષી સેવા વેબસાઇટની મુલાકાત લઈ શકો છો: **witnessservice.org.uk/support/after-court/restorative-justice**.

સાક્ષી સેવાની વેબસાઇટ પર પુનઃસ્થાપિત ન્યાય વિશેનું પેજ જોવા માટે QR કોડ સ્કેન કરો

## પીડિત સંપર્ક યોજના

જો તમે હત્યાને કારણે સ્વજન ગુમાવ્યા હોય અથવા જાતીય કે હિંસક ગુનાનો ભોગ બન્યા હો અને ગુનેગારને 12 મહિના કે તેથી વધુ જેલની સજા થઈ હોય, તો તમે પીડિત સંપર્ક યોજનામાં જોડાઈ શકશો.

જો તમે આ યોજનામાં જોડાઓ છો, તો પીડિત સંપર્ક અધિકારી તમને ગુનેગારની સજા, સજા દરમિયાન થયેલ કોઈપણ પ્રગતિ, જો તેઓ પેરોલ માટે પાત્ર હોય તો તે વિશે અને તેઓ ક્યારે મુક્ત થશે તે વિશે માહિતી આપી શકે છે.

પીડિત સંપર્ક યોજના વિશે સાક્ષી સેવા વેબસાઇટ પર વધુ માહિતી ઉપલબ્ધ છે: **witnessservice.org.uk/support/after-court/victim-contact-scheme**

સાક્ષી સેવાની વેબસાઇટ પર પીડિત સંપર્ક યોજના વિશેનું પેજ જોવા માટે નીચેનો QR કોડ સ્કેન કરો

## ખર્ચનો દાવો કરવો

કોર્ટ કેસમાં સાક્ષી બનવાને કારણે તમને થયેલા ખર્ચ માટે તમે દાવો કરી શકો છો. આ ખર્ચમાં મુસાફરી, ખોરાક, કમાણીનું નુકસાન અને બાળકોની સંભાળના ખર્ચનો સમાવેશ થઈ શકે છે. તમે દાવો કરી શકો તે માટેની રકમો નિર્ધારિત કરેલી છે.

જો તમે ફરિયાદી પક્ષના સાક્ષી હો, તો આ ખર્ચ ચૂકવવા માટે CPS જવાબદાર છે અને તેઓ 10 કામકાજના દિવસોમાં માન્ય દાવાઓની ણી કરવાનું લક્ષ્ય રાખે છે.

તમે ઑનલાઇન **claim-witness-expenses.cps.gov.uk** પર ખર્ચનો દાવો કરી શકો છો.

CPS વેબસાઇટ પર ખર્ચનો દાવો કરવા વિશેનું પેજ જોવા માટે QR કોડ સ્કેન કરો

જો તમે બચાવ પક્ષના સાક્ષી હો, તો તમે કોર્ટના સર્વિસ ડેસ્ક પરથી ક્લેમ ફોર્મ મેળવી શકો છો (અને પૂર્ણ થયા પછી ત્યાં પાછું આપી શકો છો). જો તમને ખર્ચના દાવા અંગે કોઈ પ્રશ્નો હોય, તો તમે બચાવ પક્ષના વકીલ સાથે વાત કરી શકો છો.

તમે જે ખર્ચનો દાવો કરી રહ્યા છો તેની તમામ રસીદો સાચવી રાખો, કારણ કે તમારે તેને તમારા ક્લેમ ફોર્મ સાથે જોડવી પડશે અથવા જો તમે ઑનલાઇન દાવો કરી રહ્યા હો તો અપલોડ કરવી પડશે.

## ગુનાહિત ઈજા વળતર યોજના

આ યોજના ગ્રેટ બ્રિટનમાં હિંસક ગુનાનો ભોગ બનેલા લોકોને વળતર આપવા માટે બનાવવામાં આવી છે. તે ક્રિમિનલ ઇન્જરીઝ કોમ્પેન્સેશન ઑથોરિટી (CICA) નામની સરકારી સંસ્થા દ્વારા ચલાવવામાં આવે છે.

તમે આ યોજના વિશે વધુ માહિતી અને તમે અરજી કરવા માટે પાત્ર છો કે નહીં તે GOV.UK વેબસાઇટ પર જાણી શકો છો: **gov.uk/claim-compensation-criminal-injury**.

GOV.UK વેબસાઇટ પર ગુનાહિત ઈજા વળતર યોજના વિશેનું પેજ જોવા માટે QR કોડ સ્કેન કરો

# કોર્ટ પછીની સહાય

ફોજદારી ન્યાય પ્રણાલીને સમજવી અને કોર્ટમાં જુબાની આપવી એ મૂંઝવણભર્યું અને તણાવપૂર્ણ હોઈ શકે છે. પરંતુ પ્રક્રિયાના તમામ તબક્કે તમારા માટે સહાય ઉપલબ્ધ છે.

એક સાક્ષી તરીકે જુબાની આપવાનું પૂર્ણ કર્યા પછી જો તમને વધુ સહાયની જરૂર હોય, તો કૃપા કરીને સાક્ષી સેવામાં અમારી સાથે વાત કરો. અમે તમારી વ્યક્તિગત જરૂરિયાતોને પૂરી કરવા માટે તમને યોગ્ય સહાય સેવાઓ અથવા સંસ્થાઓ પાસે મોકલી શકીએ છીએ.

અમારી પાસે સાક્ષી સેવાની વેબસાઇટ પર વધુ માહિતી પણ છે, જેમાં વારંવાર પૂછાતા પ્રશ્નોના જવાબો અને કોર્ટની પ્રક્રિયા સમજવામાં મદદરૂપ સંસાધનો સામેલ છે: **witnessservice.org.uk/support/going-to-court-as-a-witness/going-to-court-faqs**

સાક્ષી સેવાની વેબસાઇટ પર કોર્ટમાં જવા વિશે વારંવાર પૂછાતા પ્રશ્નો જોવા માટે QR કોડ સ્કેન કરો

જો તમે ગુનાનો ભોગ બન્યા હો અને તમને વધારાની સહાયની જરૂર હોય, તો પીડિત સહાય મદદ કરી શકે છે. તેઓ ગુના પછીની પરિસ્થિતિને સંભાળવા અને વધુ સુરક્ષિત અનુભવવામાં તમારી મદદ કરવા માટે વ્યક્તિગત સહાય પૂરી પાડી શકે છે. તેઓ તમારા અધિકારો અને હકો વિશે પણ સમજાવી શકે છે.

વધુ માહિતી માટે, તમે 24-કલાકની હેલ્પલાઇન **08 08 16 89 111** પર કૉલ કરી શકો છો અથવા પીડિત સહાયની વેબસાઇટની મુલાકાત લઈ શકો છો: **victimsupport.org.uk**.

પીડિત સહાયની વેબસાઇટ જોવા માટે QR કોડ સ્કેન કરો

પીડિત સહાય પાસે પીડિતો અને સાક્ષીઓ માટે 'માય સપોર્ટ સ્પેસ' નામનું ઑનલાઇન સંસાધન પણ છે. તે તમને ગુનાની અસરને સંભાળવા, વધુ માહિતગાર થવા અને તમારી લાગણીઓ પર વિચાર કરવામાં મદદ કરવા માટે બનાવવામાં આવ્યું છે. તે મુશ્કેલ સમય દરમિયાન પોતાને મદદરૂપ થવા માટેની ટિપ્સ પણ આપે છે: **mysupportspace.org.uk**.

માય સપોર્ટ સ્પેસ વેબસાઇટ જોવા માટે નીચેનો QR કોડ સ્કેન કરો

# તમારી નોંધો

# તમારી નોંધો

# Witness Service

## સાક્ષી સેવા

સાક્ષી સેવા લોકોને કોર્ટમાં જુબાની આપતી વખતે **માહિતગાર**, **સહાયભૂત** અને વધુ **આત્મવિશ્વાસ** અનુભવવામાં મદદ કરે છે.

અમે ઇંગ્લેન્ડ અને વેલ્સની દરેક ફોજદારી અદાલતમાં ફરિયાદી **અને બચાવ પક્ષના** સાક્ષીઓ બંને માટે મફત, **સ્વતંત્ર સહાય પૂરી પાડીએ** છીએ.

અમે સ્વજન ગુમાવનાર પરિવારના સભ્યો અને મિત્રો, તેમજ કોર્ટમાં હાજર રહેલા સાક્ષીઓના પરિવારના સભ્યોને પણ મદદ કરીએ છીએ.

સાક્ષી સેવા વ્યાવસાયિક અથવા નિષ્ણાત સાક્ષીઓને ટેકો આપતી નથી.

### માહિતી અને સહાય માટે, અમારો સંપર્ક કરો:

- રેફરલ અને માહિતી કેન્દ્રને કૉલ કરવો:
  0300 332 1000 (અંગ્રેજી)
  0300 330 1180 (સિમરેગ/વેલ્શ)
- BSLનો ઉપયોગ કરીને: 020 3830 2112 (નવું ડાયવર્ટ) અથવા 0300 330 2123
- ઑનલાઇન: **witnessservice.org.uk**

સાક્ષી સેવા સાથે તમે કેવી રીતે સ્વયંસેવક બની શકો છો તે જાણવા માટે, **witnessservice.org.uk/about/volunteer** ની મુલાકાત લો

સાક્ષી સેવા તમારા માટે પીડિત સહાય દ્વારા લાવવામાં આવી છે.

VictimSupport
victimsupport_uk
Linkedin.com/company/victim-support

પીડિત સહાય દ્વારા પ્રકાશિત
પ્રમુખ HRH પ્રિન્સેસ રોયલ

પીડિત સહાય, બિલ્ડિંગ 3, ઇસ્ટર્ન બિઝનેસ પાર્ક, વર્ન ફોર લેન, ઓલ્ડ સેન્ટ મેલોન્સ, કાર્ડિફ CF3 5EA
ફોન: 020 7268 0200

ચેરિટી નોંધણી: 298028 કંપની નંબર: 2158780
ઇંગ્લેન્ડમાં નોંધાયેલ. ગેરંટી દ્વારા મર્યાદિત.
નોંધાયેલ ઓફિસ ઉપર મુજબ.

**witnessservice.org.uk**

એપ્રિલ 2026 / P3075 છબીઓ: © ગેટ્ટી છબીઓ © 2026 પીડિત સપોર્ટ  ડિઝાઇન કાજલ કૂક દ્વારા